**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કૃપાલી મહિચ્છા**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 02-12-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## P.M. ભુવનેશ્વરી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે ભુવનેશ્વરમાં આયોજિત પોલીસ મહાનિદેશક અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદના છેલ્લા દિવસે દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સંબંધિત મહત્વપૂર્ણ સુરક્ષા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. મુખ્યત્વે સાયબર ક્રાઈમ, કોસ્ટલ સિક્યુરિટી અને માઓવાદી વિદ્રોહ સાથે કામ કરવા પર વિચારણા કરવામાં આવી હતી. આ પરિષદમાં રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત વિવિધ મુદ્દાઓને ઉકેલવા માટે વ્યૂહાત્મક પગલાં પરધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી અને મુખ્ય અધિકારીઓએ પોલીસ દ્વારા સામનો કરવામાં આવતી વિવિધ સમસ્યાઓ, કામગીરી અને માળખાગત સુવિધા સંબંધિત પણ ચર્ચા કરી હતી. સંમેલનમાં દેશના

વિવિધ સુરક્ષા સંબંધિત મુદ્દાઓને ઉકેલવા માટે આગામી વર્ષ માટે એક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો હતો.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## કોલસા ઉત્પાદન

કોલસા મંત્રાલયે 2024-25માં નવેમ્બર સુધી કોલસાનું ઉત્પાદન 628.03, મિલિયન ટન કર્યું છે. ગયા વર્ષના સમાન મહિનામાં 84.52 મિલિયન ટનની સરખામણીએ એકંદર કોલસાનું ઉત્પાદન 90.62 મિલિયન ટન સુધી પહોંચી ગયું છે. આ કોલસાના ઉત્પાદનમાં 7.20 ટકા વૃદ્ધિ દર્શાવે છે. કોલસા મંત્રાલયે ઉત્પાદન વધારવા, ડિસ્પેચ કાર્યક્ષમતામાં સુધારો કરવા અને સમગ્ર દેશમાં સીમલેસ કોલસાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને રાષ્ટ્રની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## રાષ્ટ્રીય પ્રદૂષણ દિવસ

આજે 02 ડિસેમ્બરે રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ ઉજવવામાં આવશે. ગુજરાતમાં જીપીસીબી બોર્ડ દ્વારા ઔદ્યોગિક જોખમી

કચરાના યોગ્ય નિકાલ બાબતે થયેલી કામગીરીના પરિણામે ગુજરાત સમગ્ર દેશમાં ટોચનાસ્થાને છે.

રાજયમાં એક દિવસમાં સરેરાશ 28 મેટ્રિક ટન ઘરગથ્થુ ધન કચરો એકત્રિત કરવામાં આવે છે જે પૈકી સરેરાશ 25 મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિ ઢબે યોગ્ય નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ કચરાને રિસાયક્લિંગ કરી તેનું ખાતર બનાવવામાં આવે છે. છેલ્લ ત્રણ વર્ષમાં ગુજરાતમાં અંદાજિત 30,073 મેટ્રિક ટન કચરાને એકત્રિક કરી 27,735 મેટ્ક ટન ધન કચરાનો ખાતર બનાવવામાં આવ્યો છે.

**N.P. કૃપાલી મહિચ્છા**

---

## માંડવી નગરપાલિકા

માંડવી નગરપાલિકાની મળેલી સામાન્ય સભામાં વિવિધ વિકાસકામો માટે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી. ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના 15 મા નાણાપંચની ગ્રાન્ટમાંથી અગ્નિશમન વાહન ખરીદવા 60 લાખ રૂપિયા તેમજ ગોકુલવાસમાં વરસાદી પાણીના નિકાલ માટે સમ્પ બનાવવાના 26.67 લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સ્વચ્છ ભારત મિશન 2.0 અંતર્ગત નગરપાલિકાને કચરા માટે પ્રોસેસિંગ પ્લાન્ટ અર્થે ફાળવાયેલ 1 કરોડ 60 લાખ રૂપિયાની ગ્રાન્ટ અને સેનિટેશન વિભાગ

માટે વાહન ખરીદી અર્થે 3.55 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી.

**N.P. કૃપાલી મહિચ્છા**

---

## હવામાન

કચ્છમાં છેલ્લા બે દિવસથી પવનની ઝડપ વધવા સાથે લઘુતમ પારો ગગડતાં ઠંડીની ચમકમાં વધારો જોવા મળ્યો હતો. નલિયામાં અડધો ડિગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન **12.4** ડિગ્રીએ પહોંચતાં કચ્છ કાશ્મીર રાજ્યનું મોખરાનું શીત મથક બન્યું હતું. હવામાન વિભાગે તાપમાનમાં ઉતાર-ચડાવનો દોર જારી રહેવાની આગાહી કરી છે. કંડલા એરપોર્ટમાં લઘુતમ પારો **13.3** ડિગ્રીએ સ્થિર રહેતાં અંજાર - ગાંધીધામ વિસ્તારમાં પણ ઠંડીની ચમક જળવાયેલી રહી હતી. જિલ્લા મથક ભુજમાં **16.2** ડિગ્રીએ અટકેલા લઘુતમ તાપમાને સાંજ ઢળતાં જ ટાઢોડાની અનુભૂતિ કરાવી હતી. જિલ્લાના ચારેય મથકમાં મહત્તમ પારો **29**થી **31** ડિગ્રી વચ્ચે નોંધાયો હતો. પાંચ દિવસના સ્થાનિક વર્તારામાં ભુજમાં લઘુતમ પારો **1**5થી **16,** તો નલિયામાં **12** ડિગ્રી આસપાસ રહેવાની સંભાવના દેખાડવામાં આવી છે.

**N.P. કૃપાલી મહિચ્છા**

---

## લોન વ્યાજ

વ્યાજના દુષણને ડામવાના ઉદેશ્યથી અને સામાન્ય પ્રજાજનોને નાણાંકીય જરૂરિયાતો માટે લોન મેળવવામાં સરળતા રહે તે માટે પ્રાગપર પોલીસ દ્વારા લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ લોન મેળવવા માટેનું માર્ગદર્શન પૂરું પાડવામાં તેમજ અત્યારના સમયમાં સોશિયલ મીડિયા પર લોન માટેની લલચામણી ઓફરો આપતી એપ્લિકેશનો સાયબર ફ્રોડ કરતી હોવા અંગેની માહિતી સાથે તેનો ઉપયોગ ટાળવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

**N.P.** કૃપાલી મહિચ્છા

---